Advertisement




બિઝનેસ ભાસ્કર divyabhaskar.com



Tuesday, May 03, 2011 17:58 [IST]



# ગુજરાતી ભાષાનો ઇ-શબ્દકોશ નવા ફીચર્સ સાથે ફરી લોંચ થયો

Source: Agency, Ahmedabad | Last Updated 7:39[IST](03/05/2011)

**Article** | Like Share retweet Share




ગુજરાતીલેક્સિકોન અને ભગવદ્ગોમંડલ જેવા શબ્દકોશને ડિજીટલાઈઝ કરી તેને આજના મહત્તમ ઉપયોગી એવા ઇન્ટરનેટ માધ્યમ દ્વારા લોકો સમક્ષ મૂકવા બદલ રતિલાલભાઈને હાલમાં જ ગુજરાતના સુપ્રસિદ્ધ અખબાર 'દિવ્ય ભાસ્કર' દ્વારા 'ધ પાવર 100' ગુજરાતી વ્યક્તિઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અગાઉ પણ 'ચિત્રલેખા' સામાયિક દ્વારા 'ટોપ 60 ગુજરાતી વ્યક્તિઓ'માં સમાવેશ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. 'વિશ્વ ગુજરાતી સમાજ' અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત ઘણી સંસ્થાઓ દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવેલ છે. 'કોઈને નડ્યા વગર સુખશાંતિથી જીવો અને સૌને જીવવા દો'ના સફળતાના મંત્રને વળગી રહેલ રતિલાલભાઈએ ગુજરાતીલેક્સિકોનમાં ભવિષ્યમાં નવા ને નવા ઉમેરણ કરી તેને વધુ સમૃદ્ધ બનાવવાના અરમાન સેવ્યા છે. લગભગ 20 વર્ષની અથાગ મહેનતના પરિણામે 13 જાન્યુઆરી 2006ના રોજ ગુજરાતીલેક્સિકોન ઈન્ટરનેટ પર જીવંત થતાં જ રતિલાલભાઈએ નિરાંત અને સંતોષનો શ્વાસ લીધો હતો.

ગુજરાતી ભાષાના ઈ-ખજાના તરીકે ઓળખાતી વેબસાઇટ ગુજરાતીલેક્સિકોનને (gujaratialexicon.com) નવા કલેવર અને નવા ફીચર્સ સાથે 1લી મે, 2011 - ગુજરાત સ્થાપના દિવસે જ રિ-લોન્ચ કરવામાં આવી હોવાથી ગુજરાતીલેકિસકોન અને ગુજરાતી ભાષાપ્રેમીઓ માટે ખુશીની લાગણી બેવડાઈ હતી. નવી વેબસાઇટને વધુ સારી રીતે ગુજરાતી સંસ્કૃતિના રંગમાં ઢાળવાનો બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને હવે ગુજરાતી પ્રજાને અંગ્રેજી ઉપરાંત હિન્દી શબ્દોનો પણ ગુજરાતી અર્થ મળી રહે તે માટે હિન્દી શબ્દકોશ વેબસાઇટ પર શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પણ ઘણા નવા ઉમેરણ અને બદલાવ વેબસાઇટમાં કરવામાં આવ્યાં છે જેમ કે, હિન્દી શબ્દકોશ, ગુજરાતી સંસ્કૃતિ આધારિત કલેવર, ઝડપી અને ત્વરિત સર્ચ સુવિધા, સોશિયલ બુકમાર્કિંગ અને શેરિંગ, 'વર્ડ ઓફ ધ ડે'નું ઈમેલ સબસ્ક્રીપ્શનયુઝરને સરળ પડે તેવો લે-આઉટ, વધુ શબ્દોનું ઉમેરણ.

ગુજરાતી ભાષાને આધુનિક ટેકનોલોજીથી સમૃદ્ધ બનાવવાના તેમ જ તેને લોકો સુધી પહોંચાડવાના આશયને વળગી રહેલ ગુજરાતીલેક્સિકોનના વડા રતિલાલ ચંદરયાએ વેબસાઇટના રિલોન્ચ પ્રસંગે જણાવ્યું હતું કે "હજુ પણ ગુજરાતી ભાષા માટેનું યોગદાન ગુજરાતીલેક્સિકોન દ્વારા વણથંભી રહેશે જેથી ભાષાપ્રેમીઓને ટૂંક સમયમાં જ અમે હજુ કંઈક નવું આપીશું અને સદા આપતા રહીશું."

જ્યારે ગુજરાતીલેક્સિકોન વેબસાઇટના ટેકનિકલ સલાહકાર અશોક કરણિયાએ જણાવ્યું હતું કે "ગુજરાતીલેક્સિકોન હંમેશા તેના યુઝર્સને નવી ટેકનોલોજી દ્વારા નવું ને નવું આપવાની તૈયારીમાં રહેતું હોય છે." જેના ભાગરૂપે જ ટૂંક સમયમાં અન્ય કઈ નવી સુવિધાઓથી ગુજરાતીલેક્સિકોનને સજ્જ કરાશે તેની ઝાંખી પણ તેમણે આપી હતી જેમ કે, ગુજરાતી લેક્સિકોનનું મોબાઈલ વર્ઝન, મેડિકલ શબ્દકોશ, આજનો સુવિચાર, કિડ્ઝ / સ્ટુડન્ટ્સ કોર્નર, નવી શબ્દરમતો, જોડણી સુધારો (મોટાભાગે જોડણીભૂલ થતાં શબ્દોની કક્કવાર યાદી), તળપદા શબ્દો (ગુજરાતના જુદા જુદા પ્રાંતની લોકબોલીના લાક્ષણિક શબ્દોની યાદી)

ગુજરાતીલેક્સિકોન ટીમના પ્રોજેક્ટ મેનેજર મૈત્રી શાહ અને બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર કુનાલ પંડ્યાએ ગુજરાતીલેક્સિકોનની મોબાઈલ એપ્લિકેશન વિશે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે "આવનારા દિવસોમાં ગુજરાતીલેક્સિકોન વેબસાઇટની તમામ સર્વિસ યુઝરના હાથવગી કરવા માટે અમે મોબાઈલ એપ્લિકેશન માટે વિચાર્યું

Search

**Most Read** Latest News

- દમ છે આજે આ પાંચ શેરમાં, રોકાણ કરી...
- સેન્સેક્સમાં ૪૬૩ પોઇન્ટનો કડાકો
- આજે આ પાંચ શેર તમને માલામાલ કરી...
- આજે આ પાંચ શેર તમને કરાવશે નફો જ...
- થઈ જાવ માલામાલ, આ પાંચ કરશે કમાલ
- વિદેશી શેરબજારમાં ચોતરફે...

Advertisement

facebook
Divya Bhaskar
Divyabhaskar
Like 7,572

Q/A

શેરબજારમાં ટી અને ઝેડ ગ્રૂપ શું છે ?



ઝેડ ગ્રુપ શું છે? અને તે શા માટે તૈયાર કરવામાં આવ્યા છે?

- શેરબજારમાં વિવિધ ઈન્ડેક્સનું શું...
- વરસાદનાં પાણીમાં શેરો પલળી ગયા છે તો...

More from Q/A »

Business Gyan

ગોલ્ડ ઈટીએફ શા કારણે ખૂબજ મહત્વપૂર્ણ..



ગોલ્ડ ઈટીએફ ખરીદવા માટે ઇન્વેસ્ટર પાસે ડિમેટ એકાઉન્ટ હોવું જરૂરી છે

- આ છે દુનિયાની સૌથી વધુ કમાનારી મહિલા...
- આંકડાઓ જોઈ અમેરિકાને ઝાટકો, સ્થિતિ...

More from Business Gyan »

છે. કારણકે જેમ પુસ્તકોનું સ્થાન કમ્પ્યૂટર્સે લીધું છે તેમ આજના જમાનામાં કમ્પ્યૂટર્સનું સ્થાન ધીરે ધીરે મોબાઈલ અને નોન-કમ્પ્યૂટર ડિવાઈઝ ગ્રહણ કરતાં થયાં છે. એમાં પણ શબ્દકોશ જેવી વસ્તુ કમ્પ્યૂટર કરતાં હાથવગી મોબાઈલમાં ગુજરાતી પ્રજાને વધુ ઉપયોગી નીવડશે તેવી આશા છે".

**ગુજરાતીલેક્સિકોન વિશે** :ગુજરાતીલેક્સિકોન ગુજરાતી ભાષાનો સૌથી વધુ સર્વગ્રાહી ઓનલાઇન સ્રોત છે. જેનો હેતુ ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના માધ્યમ મારફત ગુજરાતી ભાષાની જાળવણી કરવાનો, તેને લોકપ્રિય બનાવવાનો અને તેનો વિકાસ કરવાનો છે. ગુજરાતીલેક્સિકોનની હેઠળ અન્ય બે પ્રોજેક્ટ્સને પણ સફળતા મળી છે, જેમાં 1) ડિજીટલ ભગવદ્ગોમંડલ – ગુજરાતી જ્ઞાનકોશ (bhagwadgomandal.com) અને 2) લોકકોશ - lokkosh.gujaratilexicon.com જ્યાં ભગવદ્ગોમંડલ વિના ગુજરાતીલેક્સિકોનમાં કંઈક અધૂરપ જણાઈ રહી હતી. તેમ જ 'લોકકોશે' લોકોને તેમનો શબ્દકોશ બનાવી ગુજરાતી શબ્દકોશને વધુ સમૃદ્ધ બનાવવા પ્લેટફોર્મ પૂરૂપાડ્યું છે. આજે ગુજરાતીલેક્સિકોનની સાથે સાથે ભગવદ્ગોમંડલ અને લોકકોશ પણ ઓનલાઈન જગતમાં પ્રિય બની ગયા છે. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ, પત્રકારો, લેખકો, બિઝનેસમેન અને માહિતી વ્યવહાર કરતા લોકોને ઉપયોગી નીવડ્યા છે.

**Previous Story**
સ્પાઇસ કરશે 1,000 કરોડ રૂપિયાનું રોકાણ

**Next Story**
નોકિયા આવતા મહિને N-9 લોંચ કરીને કરશે ધમાકો

## Your Opinion

Name

Email

Will be displayed

Place

Choose Your language

Will be displayed

**Code :** **1 + 1**

Post Comment

## Reader's Feedback (0)

Special

**આ છે દુનિયાના 12 સૌથી અદભૂત શોપિંગ મોલ**



આ શોપિંગ મોલનું નામ પણ કદાચ તમે પહેલી વખત સાંભળતા હશો

- ભારતના શિરે તાજ, બનાવ્યું સૌથી સુપર..
- મોટી કમાણી માટે હવે છે આ ધોનીનો નવો...

More from Special »

**Currency**

Currency Convertor

1 U.S. Dollar (USD)
to Indian Rupee (INR)
Convert

Terms of Use

Gadgets powered by Google



Copyright © 2010-11 DB Corp ltd., All Rights Reserved.
Site Powered by I Media Corp. Ltd IMCL, DB Corp Ltd. Enterprise.